www.aiche.org/ccps

Process Safety Beacon — 10 Year Anniversary

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx


**ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો**


This issue sponsored by ioMosaic

www.iomosaic.com

# મીકેનીકલ ઇન્ટીગ્રીટી – બોલ્ટ બહુ ટુંકા હતા !

**ફેબ્રુઆરી - ૨૦૧૨**





## ... અથવા તો તેની જગ્યા એ ન હતા !



ચિત્રમાં બતાવેલ બોલ્ટવાળી ફ્લેન્જ સાચી રીતે લગાવેલ ન હતી જે એક પ્લાન્ટમાં સુરક્ષાના ઇન્સ્પેક્શન વખતે જણાયુ હતુ. ઉપરના ચિત્રમાં, કેટલાંક અથવા તો બધાંજ બોલ્ટ ખૂબ નાના દેખાય છે અને તેથી નટ પણ તેની ઉપર બરોબર વાસી શકાતી નથી આનો મતલબ એ હતો કે આ બોલ્ટનો જોઈન્ટ જોઈએ તેટલો મજબૂત નહતો. ફ્લેન્જ એવી રીતે બનાવેલી હોય છે કે જેથી આખા નટ-બોલ્ટના સંયુક્ત ભાગીદારીથી ઉત્પન્ન થતુ બળ ફ્લેન્જ ઉપર જ રહે. જો નટને ખાલી બોલ્ટના થોડાક જ આંટા ઉપર ભેરવેલી હોય તો આ જોડાણ એટલુ મજબૂત હોઈ ન શકે.

ડાબી બાજુના ચિત્રમાં, ચારમાંથી બે બોલ્ટ ખોવાયેલા દેખાય છે. આ ફ્લેન્જની મજબૂતાઈ પાઈપીંગ બનાવનારે ધારેલાં કરતાં અડધી જ હશે.

## તમે શું કરી શકો ?

➔ જો તમારુ કામ બધાં સાધનો જોડવાનુ હોય જેમ કે ફ્લેન્જ પાઈપને જોડવાનુ, મેનહોલ કવરને બોલ્ટીંગ કરવાનુ અથવા બીજા સાધનોને બોલ્ટેડ કરવાના હોય તો યાદ રાખો કે કામ ત્યાં સુધી પુરૂ થયેલ ન ગણાય જ્યાં સુધી બધા બોલ્ટ સાચી રીતે લગાવીને ટાઈટ ન કરી દીધા હોય.

➔ કેટલાંક સાધનોમાં બોલ્ટ ટાઈટ કરવાની વિશિષ્ટ પદ્ધતિ હોય છે. દા.ત. તમારે બોલ્ટને સાચી રીતે ટાઈટ કરવા માટે ટોર્ક રેન્ચનો ઉપયોગ કરવો પડે અથવા તો બોલ્ટને ટાઈટ કરવા ચોક્કસ ક્રમ જાળવવો પડે. ખાત્રી કરો કે તમે સાચી પદ્ધતિનુ અનુકરણ કરો છો. યોગ્ય સાધનો વાપરો છો અને તમે સાધનો જોડવાની પદ્ધતિની તાલીમ લીધેલી છે.

➔ તમારા પ્લાન્ટ સુરક્ષા નિરીક્ષણના ભાગરૂપે પાઈપો અને સાધનો ની ફ્લેન્જને યોગ્ય રીતે બોલ્ટ કરેલી છે તે ચેક કરો સામાન્ય દિશાસૂચન પ્રમાણે નટ લગાવ્યા પછી બોલ્ટ બહાર ન દેખાતા હોય તેની તપાસ પ્લાન્ટ પાઈપીંગ ડ્રાફ્ટમેન અથવા એન્જીનીયર પાસે કરાવો.

➔ જો તમે તમારા પ્લાન્ટમાં અયોગ્ય ફ્લેન્જ બોલ્ટ જુઓ તો, તેનો રીપોર્ટ કરો જેનાથી તેની મરમ્મત થઈ શકે અને ખાત્રી કરો કે જરૂરી મરમ્મત પૂર્ણ થયેલ છે.

➔ નવા સાધનો અથવા મરમ્મત પછી ફરીથી લગાવેલ સાધનો નું નિરીક્ષણ કરો , અને ખાત્રી કરો કે તેને ફરીથી વાપરતાં પહેલાં તેના ભાગો સાચી રીતે લગાવીને યોગ્ય બોલ્ટ વડે ફીટ કરેલા છે.

***કામ પુરું કરો - ખાત્રી કરો કે ફ્લેન્જ ને બોલ્ટ અને નટ વડે સાચી રીતે ફીટ કરેલા છે !***

AIChE © 2012. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

**The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Tamil, Telugu, Thai, Turkish, and Vietnamese.**